# શામળાજીના સેલટેક્ષ ચેકપોસ્ટ પરથી ટેક્સ ભર્યા વગર બારોબાર

# સેટીંગ ડોટ કોમ કરી... ગાડી પસાર કરવાનું કૌભાંડ ઝડપાતા ખાળભળાટ


## છેલ્લા બે મહિના જેટલા સમયથી એસીબી દ્વારા વોચ રાખી સમગ્ર ઓપરેશન પાર પાડી કૌભાંડનો કરેલો પર્દાફાશ


મોડાસા, તા.૨૧

સમગ્ર ગુજરાત રાજયમાં ભ્રષ્ટ્રાચારે માઝા મુકી છે એક બાજુ સરકાર ધ્વારા ભ્રષ્ટ્રાચાર મુકત ભારત કરવી વાતો કરાઈ રહી છે ત્યારે આજે શામળાજી ખાતે આવેલી સેલટેકસ ચેકપોસ્ટ ઉપર થી એ.સી.બી.ની ટીમે વોચ ગોઠવી સેલટેકસ ચેક પોસ્ટ ઉપર વચેટીયા મારફ્તે નેટવર્ક ગોઠવી બારોબાર ટેકસની ચોરી કરીને ગાડી પસાર કરવાનુ મસમોટુ કૌભાંડ ઝડપાતા સમગ્ર રાજયમાં આવેલી ચેક પોસ્ટો ઉપર ખળભળાટ મચી ગયો છે.


(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર એ.સી.બી.ની ટીમને બે મહિના અગાઉ એક ફ્રીયાદ મળી હતી કે શાળાજી ખાતે આવેલી વાણીજય વેરાની ચેક પોસ્ટ ઉપરથી સેલટેકસ ઈન્સપેકટર અને એમના મળેતીયાઓ ધ્વારા ચેકપોસ્ટ ઉપરથી પરપ્રાંતીય ગાડીઓ બારોબાર ટેકસ ભર્યા વગર તો કરીને પસાર કરવામાં આવી રહી છે. ત્યારે આ અંગે એ.સી.બી.ની એક ટીમે છેલ્લા બે મહિના જેટલા સમયથી ખાનગી રાહે આ અંગે વોચ ગોઠવી ઓપરેશન શરૂ કર્યુ હતુ અને આ ચેક પોસ્ટ ઉપર વોચ ગોઠવી હતી ત્યારે ગઈકાલે રાત્રે ચેક પોસ્ટ ઉપરથી થોડાક કી.મી.ના અંતરે આવેલ હિમાલય ઢાબા ઉપર હર્ષદ ત્રીવેદી નામના વચેટીયા ધ્વારા ૭ થી ૮ જેટલી ગાડીઓ ભેગી કરીને તોડ કરી બારોબાર ટેકસ ભર્યા વગર ગાડીઓ પસાર કરવાનુ ધ્યાનમાં આવતા આજે વહેલી સવારે એ.સી.બી.ના ઈન્સપેકટર શર્મા અને કામરીયાની ટીમે આઠ જેટલી ગાડીઓ ઉભી રખાવી ચેકીંગ કરતાં કોઈ પણ જાતના ટેકસ ભર્યાની પાવતી ન મળી આવતા એ.સી.બી.ની ટીમે આ તમામ ગાડીઓ જપ્ત કરી હતી અને જયારે આ બાબતની શામળાજી સેલટેકસના અધિકારીઓને ખબર પડતા અધિકારીઓને પગ નીચેથી જમીન ખસકી ગઈ હતી. જયારે આ અંગે એ.સી.બી.ની ટીમ ધ્વારા કુલ ૧૩ જણા વિરૂઘ્ઘ ફરીયાદ નોધી અને ૭ લાખ રૂપીયાનો દંડ કર્યો હતો. જયારે આ કૌભાંડમાં વચેટીયા હર્ષદ ત્રીવેદી હિમાચલ ઢાબાના માલિક ચેકપોસ્ટના બે સીકયુરીટી, બે સેલટેકસ ઈન્સપેકટર અને ૮ જેટલા ટ્રક ડ્રાઈવરો વિરૂઘ્ઘ ફરીયાદ નોધાઈ છે. જયારે આ કૌભાડીઓના નામ પુછતા એસીબીના ઈન્સપેકટરે નામ તપાસ ચાલુ હોઈ આપવાનો ઈન્કાર કયો હતો.





અત્રે ઉલ્લેખનીય છે કે આજને એ.સી.બી.ની ટીમે છેલ્લા બે મહિનાથી વોચ ગોઠવી આજે વહેલી સવારે ટેકસ ભર્યાવિગર જતી આઠ જેટલી ગાડીઓ પકડી તો અત્યાર સુધીમાં કેટલી ગાડીઓ રવાના થઈ હશે અને અધિકારીઓ ધ્વારા કેટલા રૂપીયા ઘરભેગા કર્યા હશે તે એક તપાસનો વિષય છે. જો આ અંગે ઉચ્ચસ્તરીય તપાસ થાય તો મસમોટુ કૌભાડ બહાર આવે તેવુ છે જયારે લોકમુખે તે એવી પણ ચર્ચા ચર્ચાઈ રહી છે કે સેલટેકસ ઈન્સપેકટરો ધ્વારા કેટલીક વખત તો એકની એક ટેકસ ભરેલી પાવતી પર વચેટીયાઓ ધ્વારા સેટીગ ડોટ કોમ કરીને પાંચ થી છ વખત ગાડી પસાર કરવાનુ પણ કૌભાડ ચાલતુ હતુ.

## અરવલ્લી ભાજપા મહિલા મોરચા દ્વારા પ્રથમ મહિલા મુખ્યમંત્રીના જન્મદિનની ધામધુમથી ઉજવણી કરાઈ

### બેરા-મુંગાના બાળકોને ચોકલેટ વિતરણ તેમજ હોમહવન કરી ઉજવણી કરાઈ

મોડાસા, તા.૨૧

અરવલ્લી જીલ્લાના ભાજપા મહિલા મોરચા ધ્વારા ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદિબેન પટેલના જન્મ દિનની અનોખી રીતે ધામધુમ થી ઉજવણી નાસ્તા ના ફુડ પેકેટ નુ વિતરણ કરી ગુજરાત રાજય ના પ્રથમ મહિલા મુખ્યમંત્રી એવા આનંદિબેન પટેલ ના જન્મદિન ની ધામધુમ થી ઉજવણી કરવામાં આવી હતી.

આજરોજ અરવલ્લી જિલ્લા માં દદીઓ ને ફ્રુટ વિત્રતરણ તેમજ ગાયત્રી માતા નુ હોમહવન કરી ઉજવણી કરવામાં આવી હતી જેમાં મહિલા મોરચા જીલ્લા ના પ્રભારી અને એસ.ટી નિગમ ના બોર્ડ ડીરેકટર કૌશલ્ય કુવરબા જીલ્લા પ્રમુદ નિતાબેન


(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

મોડાસા ખાતે કરવામાં આવી હતી

જેમાં બેરામુંગા શાળાના બાળકાવને ચોકલેટ વિતરણ કરવામાં આવી હતી તેમજ મંદિરમાં હોમહવન કરવામાં આવ્યુ હતુ. હોસ્પિસ્ટલમાં દર્દીઓને ફ્રુટ વિતરણ કરવામાં આવ્યુ હતુ તેમજ આંગણવાડીના બાળકોને ભાજપા મહિલા મોરચા ધ્વારા ગુજરાતના મહિલા મુખ્યમંત્રી આનંદિબેન પટેલના જન્મ દિન નીમીતે ભાજપામાં એક લાખ સભ્ય બનાવાની સંકલ્પના કરી હતી તેમજ આંગણવાડી ના બાળકો ને નાસ્તા ના ફુડ પેકેટ નુ વિતરણ કરવામાં આવ્યુ હતુ હોસ્પીટલ ભાવસાર ગુણવંતીબેન કંસારા શકીલાબેન નીનામા નયનાબેન પરીખ કીરણબેન ભાવસાર લલીતાબેન પટેલ સુશીલાબેન રાઠોડ મીતલબેન પટેલ તેમજ ભરતભાઈ ભાવસાર પ્રવિણભાઈ પરમાર જેવા કાર્યકરો ઉપસ્થીત રહયા હતા.

## તલોદ તાલુકાના તાજપુર કેમ્પ ગામની રાજયના મુખ્ય સચિવ ડી. જે. પાંડિયને ઓચિંતી મુલાકાત લીધી

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના તાજપુર કેમ્પ ગામની ગુણોત્સવ અંતર્ગત રાજયના મુખ્ય સચિવ ડી.જે.પાંડિયને ઓચિંતી મુલાકાત લીધી હતી. બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. તેમણે શાળાના કુમાર-કન્યાઓ માટે અલગ અલગ ઉભા કરવામાં આવેલ શૌચાલયનું પણ નિરીક્ષણ કર્યું હતું. જેમાં શાળાના શૌચાલયની સ્વચ્છતા સાથે સાથે

શાળાના બાળકોને શાળામાં અપાતા મધ્યાહ્ન ભોજનના રસોડાની મુલાકાત લીધી હતી. તેમજ આજે મધ્યાહ્ન ભોજનમાં શું શું રસોઈ બનાવી છે, તેની માહિતી મેળવી હતી. તેમજ તૈયાર કરેલ સુખડીનો સ્વાદ પણ ચાખ્યો હતો.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સમગ્ર રાજયમાં ગુણોત્સવ કાર્યક્રમ આરંભ થયો છે. જે અંતર્ગત આજે બીજા દિવસે રાજયના મુખ્ય સચિવ ડી. જે. પાંડિયને સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના તાજપુર કેમ્પ ગામની ઓચિંતી મુલાકાત લીધી હતી. શાળાની મુલાકાત દરમ્યાન મુખ્ય સચિવએ શાળાના પટાંગણ અને વર્ગ ખંડની સફાઈનું અન્ય સુવિધાઓનો અભાવ નજરે પડતા તેમણે ઉપસથિત તાલુકાના શિક્ષણ સંલગ્ન અધિકારીઓ અને આચાર્ય સમક્ષ નારાજગી વ્યકત કરી હતી. શાળા વ્યવસ્થાપન સમિતિ સભ્યો અને આચાર્યને શૌચાલય અનુસંધાને તાત્કાલિક સુવ્યસથિત આયોજન કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

## ડીસામાં ૧.૮૫ લાખની ચોરી : તસકરો દુકાનમાંથી તિજોરી ઉઠાવી રફુચક્કર

ડીસા, તા. ૨૧

ડીસાની ભરચક બજાર ગણાતાં સોની બજાર માં આવેલી એક સોનાચાંદી ની દુકાન માં અજાણ્યા તસ્કરો એ દાગીના ભરેલી આખેઆખી તિજોરી ઉઠાવી એક લાખ પંચ્યાસી હજાર ની ચોરી કરેલ છે આ ચોરી ની ધટના ની જાન થતા વહેપારી ની ફરિયાદ આધારે ડીસા દક્ષિણ પોલીસે તપાસ હાથ ધરેલ છે.

બનાસકાંઠા નાં ડીસા માં તસ્કર રાજ યથાવત છે અહી આજે વહેલી સવારે સોની બજાર માં આવેલી સોની ચંદુલાલ હિરાલાલ ની સોના ચાંદી ની દુકાન માં અજાણી તસ્કર ટોળકી ત્રાટકી હતી, આ ટોળકી એ દુકાન ના તાળા તોડી અંદર -વેશી દાગીના ભરેલી નાની તિજોરી આખે-આખી ઉઠાવી હતી,આ તિજોરી માં સોના-ચાંદી ના અંદાજીત એક લાખ પંચ્યાસી હજારનાં દાગીના હતા, જે તિજોરી સાથે તસ્કરો ઉઠાવી ગયા હતા, આજુબાજુ ના લોકોં એ સવારે દુકાન ના તાળા તૂટેલા જોતા દુકાન માલિક મુકેશભાઈ સોની ને જાણ કરતા આ ચોરી ની ધટના -કાશ માં આવેલી છે આ મામલે દુકાનદાર ની ફરિયાદ આધારે ડીસા દક્ષિણ પોલીસે ગુનો દાખલ અને તપાસ હાથ ધરેલ છે.

ડીસામાં ચોરી જાણે સામાન્ય બાબત હોય તે રીતે તસ્કરો બેફામ રીતે ચોરી કરી રહ્ના છે ,અનેકો ચોરી ના બનાવો માં તસ્કરો પોલીસ પકડ થી નોક આઉટ રહેતા લોકો માં તસ્કરોનો ભય ફેલાયો છે ,રાત્રી સમયે પોલીસ પોઈન્ટ માત્ર ૧૦૦ ફૂટ દુર હોવા છતાં આ ચોરી થી હોઈ પોલીસ ની કામગીરી બાબતે અનેકો સવાલ ઉઠ્યા છે ત્યારે સ્થાનીકોમાં આ ચોરી થી ભય અને રોષ જોવા મળ્યો છે,આ મામલે સ્થાનિક વહેપારી નીલેશભાઈ સોની એ જણાવેલ કેં આ તાજેતર ની ચોથી ચોરી નો બનાવ છે હજુ સુધી ચોર પકડાતા નથી જેથી વહેપારી અસુરક્ષિત છે.

જોકે આ ચોરી ની જાણ થતા ડીસા દક્ષિણ પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેકટર એન,આર,પટેલ ટીમ સાથે ધટના સ્થળે પહોચ્યા હતા અને તપાસ હાથ ધરી હતી તો વળી, ચોરી ની જે દુકાન માં ધટના બની છે તેની બાજુ ની જ દુકાન માં કાર્યરત સી,સી,ટીવી કેમેરા લાગેલા હોઈ તેના આધારે પોલીસ ગુનેગારો નું પગેરું શોધવા કામે લાગી છે.

## હિંમતનગર સંસ્કાર ભારતી સમિતીના હોદ્દેદારોની સર્વાનુમતે નિમણુંક

ભિલોડા,તા.૨૧

હિંમતનગર સંસ્કાર ભારતી સમિતીના હોદ્દેદારોની નિમણુંક સંદર્ભે સંઘ કાર્યાલયમાં તા.૧૮/૧૧/૨૦૧૪ ને મંગળવારના રોજ બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે જીલ્લા અગ્રણી તુષારભાઈ ગાંધી, જગદીશભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા.

હિંમતનગર સંસ્કાર ભારતી સમિતી પુર્વઅધ્યક્ષ ડાં.મહેન્દ્રભાઈ સોનીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. હિંમતનગર સંસ્કાર ભારતી સમિતી અધ્યક્ષ પદે સાહિત્યકાર અરવિંદભાઈ પંડ્યા, મહામંત્રી હરીશભાઈ રાવ, નવિન સમિતીના ઉપાધ્યક્ષ પદે પ્રો.અરવિંદભાઈ પટેલ, વિદ્યાબેન કુલકર્ણી, માતૃશક્તિ સંયોજક પદે, ડાં.રૂપાબેન ભટ્ટ, ડાં.મહેન્દ્રભાઈ સોની જીલ્લા સંયોજક અને મુકેશભાઈ પ્રજાપતી જીલ્લા સહસંયોજક તરીકે નિમણુંક કરાતા આનંદની લાગણી પ્રસરી છે.

## સુઈગામ અને ભરડવા મુકામે શંકરભાઈ ચૌધરીના હસ્તે આરોગ્યલક્ષી મા અને વાત્સલ્ય કાર્ડનું વિતરણ કરાયું

પાલનપુર, તા. ૨૧

બનાસકાંઠા જિલ્લાના સુઈગામ અને ભરડવા મુકામે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા વાહનવ્યવહાર રાજયમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે મુખ્યમંત્રી અમૃતમ યોજના અન્વયે મા કાર્ડ અને મુખ્યમંત્રી વાત્સલ્ય યોજનાના કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ -સંગે મંત્રીશ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે કેન્સર, કિડની અને હાર્ટ જેવા ગંભીર રોગો માટે સરકારશ્રી દ્વારા રૂ. બે લાખ સુધીની સહાય આપવામાં આવે છે. તેમણે કહયું કે સરકારશ્રીની આ યોજના અન્વયે લાભાર્થી રાજયમાં આવેલી ૬૦ જેટલી સુપર સ્પેશ્યાલીટી સવલતો ધરાવતી કોઈપણ ખાનગી હોસ્પિટલમાં સારવાર મેળવી શકશે. મંત્રીશ્રી ચૌધરીએ જણાવ્યું કે સરકારશ્રીની આવી યોજનાથી ગંભીર બીમારી ધરાવતી વ્યકિતને નવું જીવન મળે છે અને કુટુંબ સચવાઈ રહે છે. તેમણે કહયું કે લાભાર્થીઓને આ યોજનાના કાર્ડ સરળતાથી અને ઝડપથી મળી શકે તે માટે સક્રિય -યાસો ચાલી રહયા છે. મંત્રીશ્રીએ સુઈગામ મુકામે


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

નિર્માણ પામી રહેલ સામુહિક આરોગ્ય કેન્દ્રના બિલ્ડીગનું નિરિક્ષણ કર્યુ હતું.

ગુણોત્સવ અંતર્ગત મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ સુઈગામ તાલુકાના ભરડવા મુકામે -ાથમીક શાળાની મુલાકાત લઈને શૈક્ષણીક ગુણવત્તાની ચકાસણી કરી હતી. મંત્રીશ્રીએ કલાસરૂમમાં જઈને બાળકો સાથે રૂબરૂ સંપર્ક કરી, લખાવી,વંચાવી તેમજ -શ્નો પુછીને ગુણવત્તા ચકાસી હતી. તેમણે બાળકોનો ઉત્સાહ વધારવા ઉપયોગી માર્ગદર્શન અને સરાહના કરી હતી. આ -સંગે તેમણે ઉપસથિત ગ્રામજનોને અનુરોધ કર્યો કે વિજ્ઞાન અને ટેકનોલોજીના અને વિકાસના આ યુગમાં બાળકોને ઉચ્ચ શિક્ષણ સુધી સરસ ભણાવીને સમૃધ્ધ અને સખમય પરિવાર અને રાષ્ટ્રનું નિર્માણ કરીએ.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેકટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦